# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૦૩ તા.૨૧-૧૦-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- શાળામાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓનું સમયમર્યાદામાં આધારકાર્ડ કઢાવવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને જણાવવાનું કે અગાઉ પરિપત્ર નં.૪ તા.૭-૪-૧૬ થી શાળામાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓના આધારકાર્ડ કઢાવવા આયોજન કરવા અને કામ પૂર્ણ કરવા જણાવવામાં આવેલ. તેમ છતાં શાળાઓમાં આધારકાર્ડ વિનાના વિદ્યાર્થીઓ છે. ઘણાં લાંબા સમયથી વખતોવખત સૂચના આપવા છતાં કામગીરી પૂર્ણ થયેલ નથી.

સરકારશ્રીની સૂચના પ્રમાણે મ્યુનિ. શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના આધારકાર્ડ હાલ સુધી નિકળી જવા જોઈએ પરંતુ ઘણાં વિદ્યાર્થીઓનાં આધારકાર્ડ કઢાવવાના બાકી છે. શાળાના મુખ્ય શિક્ષકો આધાર કાર્ડ વિનાના તમામ વિદ્યાર્થીઓના બોનાફાઈડ સર્ટી. તૈયાર રાખે અને દિવાળી વેકેશન પહેલાં તમામ વિદ્યાર્થીઓનાં આધારકાર્ડ નિકળી જાય તે રીતે સઘન વ્યવસ્થા અને આયોજન, બીટ નિરીક્ષકશ્રીના સંપર્કમાં રહીને કરવાનું થાય છે. જે શાળમાં વિદ્યાર્થીઓના આધારકાર્ડ નિકળયા વગરના હશે તે શાળાના મુખ્ય શિક્ષક અને સ્ટાફે આ કામગીરી વેકેશન દરમ્યાન પણ ચાલુ રાખીને પૂર્ણ કરવાની રહેશે. વિલંબ અંગેની ફરિયાદ થશે તો તેને ખૂબ જ ગંભીરતાથી લેવાની ફરજ પડશે તેની નોંધ લેશો.

તા.૨૧-૧૦-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી